**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૦/૧૧/૨૦૧૬ થી તા. ૨૬/૧૧/૨૦૧૬ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નં. ૨૪/૨૦૧૬ તા. ૨૧/૧૧/૨૦૧૬ :-**

તા. ૨૧/૧૧/૨૦૧૬ના રોજ કલાક ૧૯/૧૦ વાગે નવસારી રેલ્વે આઉટ પોસ્ટમાંથી સુરત રે.પો.સ્ટે.માં પી.એસ.ઓ. ઇશ્વરભાઇ દિનેશભાઇ નાઓને ટેલીફોનથી જાણ કરેલ કે, સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં. ૨/૩ ના વચ્ચેના ભાગે સબ-વે ની પાળી ઉપર એક મહિલા નાના છોકરા સાથે બેસેલ છે સદર મેસેજની પી.એસ.ઓ.એ મીસીંગ સ્કોડના પોલીસ માણસોને જાણ કરતા તે દરમ્યાન સર્વેલન્સ ડયુટીના હે.કો. પ્રવિણસિંહ ભીમસિંહ નાઓ એક મહિલાને નાના બાળક સાથે પો.સ્ટ.માં લાવી તેનુ નામઠામ પુછતા તેને પોતાનુ નામ સંધ્યાબેન રાકેશભાઇ જાતે-પ્રસાદ ઉં.વ.૨૭, ધંધો-ઘરકામ, રહે. સાંઇનાથ સોસાયટી, વાઝરોડ, પ્લોટ નં. ૧૭૧, સચીન, સુરત તથા તેની નાની છોકરી નામે ધ્રુવી ઉં.વ. ૧૫ માસ વાળી હોવાનું જણાવેલ અને તેની વધુ પુછપરછ કરતા તે તેના માતા-પિતા નવસારી ખાતે રહેતા હોય તેઓના ઘરે છઠ પુંજાનો તહેવાર હોય જેથી તે તેના માતા-પિતાના ઘરે એક મહિના પહેલા ગયેલ અને ત્યાંથી કોઇને પણ કહયા વગર તેની નાની છોકરીને લઇને નવસારીથી સુરત તરફ ફરવા માટે આવેલ હોવાનુ જણાવતા તેના વાલી-વારસો અંગે પુછતા તેણીએ તેના ભાઇનો કોન્ટેકટ નંબર આપતા તેને જાણ કરતા તેનો ભાઇ નામે અભયભાઇ મોદલાલ જાતે-કોઇરી, ઉં.વ.૨૬, રહે. નવસારી ગેલકડી તા.જી. નવસારી વાળો સુરત રે.પો.સ્ટે.માં તેણીને લેવા માટે આવતા યોગ્ય પુરાવા તથા નિવેદન મેળવી સદર મહિલા તથા નાની છોકરીનો કબજો તેના ભાઇને રૂબરૂમાં સોંપવામાં આવેલ છે. સદર મહિલાનુ કોઇ પણ પો.સ્ટે.માં ગુમ થવા બાબતે જાહેરાત કરેલ નથી કે તેણીની સાથે કોઇ અનબનાવ બનેલ નથી.

Sd/-
**પોલીસ અધિક્ષક,**
**પશ્ચિમ રેલ્વે વડોદરા.**